



# ગીર્ટ વિલ્ડર્સે જ નૂપુર શર્માને સૌથી પહેલાં સપોર્ટ કર્યો હતો!

નેધરલેન્ડના કટ્ટર જમણેરી નેતા ગીર્ટ વિલ્ડર્સ. આજે ગીર્ટને યાદ કરવા પાછળ એક રોચક કહાની છે. નેધરલેન્ડમાં ગીર્ટ વિલ્ડર્સની પાર્ટી PVV સૌથી વધુ સીટો જીતી છે. ગીર્ટ નેધરલેન્ડના વડા પ્રધાન બનવા જઈ રહ્યા છે. 1998માં તેઓ પહેલી વાર સાંસદ બન્યા ત્યારે તેઓ એટલા લોકપ્રિય નેતા નહોતા પણ તમને ખબર છે ગીર્ટ વિલ્ડર્સ એક મજબૂત નેતા તરીકે કેવી રીતે ઊભરી આવ્યા? અને ભારતમાં તેના પ્રખ્યાત થવાનું કારણ શું હતું? નૂપુર શર્મા યાદ છે? તેનો વિવાદ પણ યાદ હશે. એ વખતે વિવાદ ભારતની બોર્ડર પાર કરીને વિદેશો સુધી પહોંચ્યો હતો અને ખૂબ બૂમબરાડા થયા હતા, એ વખતે એક વિદેશી નેતા નૂપુરના સમર્થનમાં ખૂલીને બહાર આવ્યા હતા! આ નેતા હતા ગીર્ટ વિલ્ડર્સ.

કટ્ટર જમણેરી નેતા ગીર્ટ વિલ્ડર્સ નેધરલેન્ડ્સમાં સામાન્ય ચૂંટણી જીતી ગયા છે. અહીં પણ એક્ઝિટ પોલનાં તારણો સાચા પુરવાર થયાં છે. વાઈલ્ડર્સની પાર્ટી ફોર ફ્રીડમ (PVV) આ ચૂંટણી જીતી ગઈ છે. જે એક્ઝિટ પોલ્સ સામે આવ્યા હતાં તેમાં તેમની પાર્ટી PVVનું પરિણામ અગાઉ કરવામાં આવી રહેલી તમામ અટકળોથી વિપરીત આવ્યું છે. PVV તમામ પક્ષોને હરાવીને મહત્તમ બેઠકો જીતી છે. PVVની પાછળ ફ્રાન્સ ટિમરમેન્સની લેબર પાર્ટી અને ગ્રીન લેફ્ટનું ગઠબંધન છે. હાલમાં તે 25 સીટો જીતી રહી છે. આ અંતર અપેક્ષા કરતાં ઘણું વધારે છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી એવી તસવીર સામે આવી રહી છે કે બીજા વિશ્વ યુદ્ધ પછી પ્રથમ વખત નેધરલેન્ડમાં આટલો મોટો બદલાવ જોવા મળી રહ્યો છે.

પહેલાં થોડું એ જાણી લઈએ કે કોણ છે ગીર્ટ વિલ્ડર્સ? ગીર્ટ વિલ્ડર્સનો જન્મ 6 સપ્ટેમ્બર, 1963ના રોજ નેધરલેન્ડના વેનલો શહેરમાં થયો હતો. ગીર્ટે તેનું બાળપણ દક્ષિણ-પૂર્વ નેધરલેન્ડ્સમાં જર્મન સરહદની નજીકના વિસ્તારમાં વિતાવ્યું હતું. આ પછી તેણે વેનલોની એક શાળામાંથી માધ્યમિક શિક્ષણ લીધું હતું અને ત્યાર બાદ તેણે કાયદાનો અભ્યાસ કર્યો હતો.

ગીર્ટ 1981 થી 1983 સુધી ઈઝરાયેલમાં રહ્યા હતા પછી તેણે મધ્ય-પૂર્વ એશિયાનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેના વિચારો ઈસ્લામિક વિરોધી બનવા લાગ્યા હતા. તે પાછા ફર્યા ત્યારે તેણે નેધરલેન્ડના સ્વાસ્થ્ય વીમા ઉદ્યોગમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. 1997માં તેઓ લિબરલ પીપલ્સ પાર્ટી ફોર ફ્રીડમ એન્ડ ડેમોક્રેસી (VVD) વતી યુટ્રેચ શહેર પરિષદના સભ્ય બન્યા હતા. આ પછી તેઓ સાંસદ બન્યા ત્યારે એટલા લોકપ્રિય નેતા ન હતા પરંતુ આ તે સમય હતો જ્યારે નેધરલેન્ડ્સમાં ઈસ્લામિક વિરોધી પવન ફૂંકાવા લાગ્યો હતો. તેઓ 1998થી નેધરલેન્ડના પ્રતિનિધિ સભાના સભ્ય છે. આ સાથે તેઓ દેશની ત્રીજી સૌથી મોટી રાજકીય પાર્ટી PVVના સ્થાપક છે. તેને જમણેરી રાષ્ટ્રવાદી પાર્ટી કહેવામાં આવે છે.

ગીર્ટનું નસીબ કેવી રીતે બદલાયું, એ સમજીએ. 2004માં નેધરલેન્ડના ફિલ્મ નિર્માતા થિયો વાન ગો અને તેમના સાથી સોમાલિયન ડચ કાર્યકર્તા યાન હિરસી અલીની એક ફિલ્મ રિલીઝ થઈ હતી. નામ હતું - સબમિશન પાર્ટ-1. આ ફિલ્મમાં મુસ્લિમ સમાજમાં મહિલાઓની સ્થિતિની ટીકા કરવામાં આવી હતી. 2 નવેમ્બર, 2004ના રોજ મોહમ્મદ બૌરી નામના ઈસ્લામિક કટ્ટરપંથીએ થિયો વાન ગોની હત્યા કરી નાખી હતી. આ હત્યા બાદ નેધરલેન્ડના લોકોમાં ગુસ્સો હતો અને ગીર્ટ આ ગુસ્સાનો અવાજ બન્યા હતા. એવું નથી આ પહેલી વાર બન્યું હતું. અગાઉ પણ આ રીતે એક નેતાની હત્યા કરવામાં આવી હતી. તેનું નામ પિમ ફોર્ટ્યુઈન હતું.



વર્ષ 2002માં તેની હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કરનાર એક પ્રાણી અધિકાર કાર્યકર્તાએ એવું કહ્યું હતું કે, પિમ મુસ્લિમોનું શોષણ કરે છે, તેથી તેની હત્યા કરવામાં આવી છે. ગિયરે ઈસ્લામને ફાસીવાદી વિચારધારા ગણાવ્યો હતો. મુસ્લિમોને નેધરલેન્ડ આવવા પર પ્રતિબંધ મૂકવાની વાત કરી હતી અને આ પછી ખૂબ જ ઓછા સમયમાં પીમના સમર્થકો ગીર્ટ તરફ વળી ગયા હતા.

એક્ચ્યુઅલી, વાત કંઈક એમ હતી કે, 2004માં ગીર્ટ તેની મૂળ પાર્ટી VVDની સામે પડ્યા હતા. કારણ એ હતું કે VVD તુર્કીના યુરોપિયન યુનિયનમાં જોડાવાનું સમર્થન કરી રહી હતી અને ગીર્ટ તેની વિરુદ્ધ હતા. જ્યારે તણાવ વધ્યો ત્યારે ગીર્ટે પાર્ટી છોડી દીધી અને 2006માં પોતાની પાર્ટી 'પાર્ટી ફોર ફ્રીડમ' (PVV) બનાવી દીધી હતી. 2006ની સંસદીય ચૂંટણીમાં PVVએ 9 બેઠકો જીતી હતી. આ સમયે ગીર્ટે ઈસ્લામ વિરુદ્ધ વધુ નિવેદનો આપવાનું શરૂ કરી દીધું હતું. 2007માં ગીર્ટે પ્રસ્તાવ મૂક્યો હતો કે, કુરાન નેધરલેન્ડમાં પ્રતિબંધિત કરવામાં આવશે. આ ઉપરાંત 2008માં ગીર્ટે એક વિવાદાસ્પદ શોર્ટ ફિલ્મ બનાવી હતી. 'ફિત્ના' નામથી, જેમાં ઈસ્લામિક આતંકવાદી ઘટનાઓને કુરાન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મને પ્રોફેશનલ ડિસ્ટ્રીબ્યુટર મળી શક્યા ન હતા, તેથી ગીર્ટે તેને ઈન્ટરનેટ પર રિલીઝ કરી દીધી હતી.

**વિકલ્પ**

★ દીપક આશર

અલબત્ત, ગીર્ટના કારનામાંઓ ઓછાં નથી. ગીર્ટ ફેબ્રુઆરી 2009માં એટલા માટે ચર્ચામાં આવ્યા કારણ કે તેમને UKમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. કારણ એટલું જ હતું કે, થોડા દિવસો પહેલાં નેધરલેન્ડની એક કોર્ટમાં તેમની સામે મુસ્લિમો પ્રત્યે નફરત ફેલાવવાનો કેસ શરૂ થયો હતો. બ્રિટિશ સત્તાવાળાઓ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, તેના આગમનથી સામાજિક તાણ બગડવાનો ભય હતો. જો કે બાદમાં આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. જૂન 2011માં ગીર્ટને તે આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

મજાની વાત તો એ હતી કે, આ બધી ઘટનાઓ સાથે ગીર્ટની પાર્ટીએ ચૂંટણીમાં સારો દેખાવ કરવાનું ચાલુ રાખ્યું હતું. અહીં તમે ગીર્ટની આ કહાણીને બીજી કોઈ કહાની સાથે સરખાવવાનું શરૂ કરી દીધું હતું. 2009ની યુરોપિયન સંસદની ચૂંટણીમાં PVVને 4 બેઠકો મળી હતી. કુલ વોટ શેર પણ લગભગ 17% હતો, જ્યારે 2010ની સંસદીય ચૂંટણીમાં PVVએ 15 બેઠકો જીતી હતી. જો કે આ ચૂંટણી આર્થિક મુદ્દા પર લડવામાં આવી હતી પરંતુ ઈમિગ્રન્ટ્સના ધસારાના વિરોધમાં PVVએ આપેલું નિવેદન લોકોને પસંદ આવ્યું હતું. જો કે આ ચૂંટણીમાં VVD અને ક્રિશ્ચિયન ડેમોક્રેટ્સની ગઠબંધન સરકાર રચાઈ હતી. ગીર્ટ અને તેમનો પક્ષ પણ આ નવી સરકારમાં જોડાયો હતો.

એક વર્ષમાં જ ગીર્ટ સરકારની વિરુદ્ધ થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે સરકાર ખર્ચ ઘટાડવા માટે સરકારી યોજનાઓ બંધ કરી રહી છે અને એપ્રિલ 2012માં તેમણે સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો હતો. સરકાર પડી ગઈ હતી. એ પછી સપ્ટેમ્બર 2012માં ફરી ચૂંટણી યોજાઈ હતી, જેમાં ગીર્ટની પાર્ટી PVVને નુકસાન થયું હતું. કુલ 9 બેઠકો ગુમાવવી પડી હતી. મતદારોનું વલણ લેબર પાર્ટી અને VVD તરફ વળ્યું હતું.

સમય આગળ વધી રહ્યો હતો. 2013માં સમગ્ર યુરોપિયન યુનિયનમાં યુરોસ્કેપ્ટિક પક્ષો વધી રહ્યા હતા. નવેમ્બર 2013માં ગીર્ટે ફ્રેન્ચ નેશનલ ફ્રન્ટના નેતા મરીન લે પેન સાથે ગઠબંધનની જાહેરાત કરી હતી. આ જોડીએ યુરોપિયન સંસદમાં ગઠબંધન કર્યું કારણ કે ઈરાદો યુરોપિયન યુનિયનમાં અમલદારશાહીને ખતમ કરવાનો અને ઈમિગ્રેશન પર કડક નિયંત્રણ સ્થાપિત કરવાનો હતો.

મે, 2014માં યોજાયેલી ચૂંટણીમાં લે પેને ફ્રાન્સમાં મોટી જીત નોંધાવી હતી પરંતુ ગીર્ટની પાર્ટી PVVને નેધરલેન્ડના લોકોએ નકારી કાઢી હતી. જો કે માર્ચ 2017ની સામાન્ય ચૂંટણીમાં PVVને 20 બેઠકો મળી હતી. અલબત્ત, ગીર્ટની અપેક્ષાઓ આના કરતાં ઘણી વધારે હતી. 12 માર્ચ, 2014ના રોજ હેગમાં એક જાહેર સભા દરમિયાન ગીર્ટ પર લોકોમાં નફરત ફેલાવવાનો અને એક વર્ગનું અપમાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ગીર્ટે એવું વચન આપ્યું હતું કે, મોરોક્કન લોકો નેધરલેન્ડ ઓછા આવે તેની ખાતરી કરવા માટે તે વ્યવસ્થા કરશે. મતલબ કે આડકતરી રીતે ચીમકી હતી. જો કે વર્ષ 2016માં આ અંગે ગીર્ટ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ આખરે કોર્ટે તેને નિર્દોષ જાહેર કર્યો હતો.

એ જ રીતે એપ્રિલ, 2022માં ગીર્ટ વાઈલ્ડર્સ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પાકિસ્તાનમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ગીર્ટના નિંદાજનક પગલાંથી 150 કરોડ મુસ્લિમોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેથી નેધરલેન્ડના રાજદૂતને બોલાવીને ગીર્ટનો સખત વિરોધ કરવો જોઈએ. મતલબ ગીર્ટ તેની મુસ્લિમ વિરોધી રાજનીતિથી અત્યારે કટ્ટર જમણેરી નેતા તરીકે ઉભરી રહ્યા છે.

હવે છેલ્લે એ પણ જાણી લો કે, નૂપુર શર્માના નિવેદન પર ગીર્ટ વિલ્ડર્સે શું કહ્યું હતું? ગીર્ટ વિલ્ડર્સ 2022માં ભારતમાં પણ ચર્ચામાં હતા. તેમણે BJPના પ્રવક્તા નૂપુર શર્મા દ્વારા પયગંબર મોહમ્મદ પર આપવામાં આવેલા વિવાદિત નિવેદનનું સમર્થન કર્યું હતું. ત્યારબાદ લગભગ એક ડઝન ઈસ્લામિક દેશોએ નૂપુરના નિવેદનનો વિરોધ કર્યો હતો.

કુવૈત અને ઈરાન જેવા દેશોએ પણ ભારતને જાહેરમાં માફી માગવા કહ્યું હતું. આ દરમિયાન ગીર્ટ વિલ્ડર્સે નૂપુરને સપોર્ટ કર્યો હતો. ગીર્ટે જાહેર નિવેદન આપતા એવું કહ્યું હતું કે, ''સાચું બોલવા બદલ કોઈને સજા ન કરવી જોઈએ કે માફી માગવાનું ન કહેવું જોઈએ.'' ગીર્ટે એમ પણ કહ્યું હતું કે, ''ભારતે ઈસ્લામિક દેશોની ધમકીઓથી ડરવું જોઈએ નહીં.'' તેમણે કહ્યું કે, ''નૂપુરના નિવેદનની ટીકા કરી રહેલા ઈસ્લામિક દેશો તેમના દેશમાં લઘુમતીઓ પર અત્યાચાર કરે છે.''